3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬


વર્ષ-૬ • અંક-૨૪૪ • સળંગ અંક - ૨૨૪૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૪૧.૦૦
સંવત - ૨૦૮૨
કારતક સુદ-૧૪, સોમવાર
તા. ૦૩-૧૧-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૦૩.૩૧

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે

'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'

www.kutchipatrika.org



**બાડાના** **શ્રી શાંતિલાલ વિશનજી પાલણ ગડા** (ઉ. ૭૧) તા. ૩૧-૧૦-૨૫ના રોજ ટૂંકી માંદગીથી અરિહંત શરણ પામ્યા છે. મણીબેન વિશનજી પાલણના પુત્ર. લતાબેનના પતિ. ગોધરા લક્ષ્મીબેન નાગજી શિવજીના જમાઈ. સ્વ. અમિત, પૂજાના પિતા. ગોધરા મિહિર અરવિંદ છેડાના સસરા. અયાનના નાનાજી. કવિતા, મહેન્દ્રના મોટાભાઈ. કુંજનના જેઠ. ગોધરા કુમુદબેન અરવિંદ છેડાના વેવાઈ. ગઢશીશા મનુભાઈ તલકશી વિસરિયાના સાળા. ભક્તિ, નિશિતના મામા. ધવલના મોટાબાપા. ગોધરા કાનજી, જયંતિ, ચંદ્રકાંત, સ્વ. મંજુલા ભાઈલાલ, ગં.સ્વ. વિમળા નવીનચંદ્રના બનેવી. રંજન, ઉર્મિલા, પ્રીતિના નણંદોઈ. લાલજી પાલણ, કલ્યાણજી પાલણ, વેલબાઈ કાકુભાઈ, દેવકાબેન કુંવરજીના ભત્રીજા. મેરાઉ મેઘજી તેજસીના દોહિત્ર. હીરબાઈ કોરશી, ભાનુ ચાપશી, પ્રભા મેઘજી, ઉર્મિલા કલ્યાણજીના ભાણેજ. **પ્રાર્થના રાખેલ નથી.** સ્વર્ગસ્થના સ્મરણમાં બાર નવકાર ગણવા. નિ. લતા ગડા, બી/૧૦૧, ત્રિવેણી રેસીડેન્સી, એસ.આર.પી. ગેટની બાજુમાં, આર. વી. દેસાઈ રોડ, વડોદરા - ૩૯૦૦૦૧. લતાબેન-૯૧૦૪૧૨૨૯૫૪, પૂજા-૯૦૩૦૮૮૩૫૧૫, મહેન્દ્ર-૯૭૧૨૮૬૦૭૪૭.

4/1/1 --------- **(1-1)**



**કોટડી મહાદેવપુરીના** **મણીલાલ વેલજી (ખીમજી) ગાલા** (ઉ.વ. ૭૨) તા. ૩૦-૧૦-૨૦૨૫ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વેલજી ચનાના સુપુત્ર. પુષ્પાબેનના પતિ. મીતા, અંકિતા, ભાવિકના પિતા. શેરડીના પ્રફુલ દેવરાજ, વીઢના વિમલ મુલચંદ, રૂપલના સસરા. હેમલતા, પ્રેમજી (પ્રદીપ), દિનેશના ભાઈ. નીતા, નેહાના જેઠ. કોટડા રોહાના લક્ષ્મીચંદ વેરશીના સાળા. દૈવિકના દાદા. યસ્વી, ધ્રુવી, હિતના નાના. નાગ્રેચાના પાનબાઈ મેઘજી વેરશીના જમાઈ. ભવાનજી, હીરજી, મુલચંદ, ગંગાબાઈના બનેવી. કોટડી મહા.ના લક્ષ્મીચંદ ગોસરના સાઢુ. સાકરબેન, વિમળાબેન, અમૃતબેન (મંજુલા)ના નણંદોઈ. શેરડીના લક્ષ્મીબેન દેવરાજ પાસડ, વીઢના તારાબેન મુલચંદ ગોસર, બિદડાના વિણાબેન મુલચંદ છેડાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે.** નિ. મણીલાલ વેલજી ગાલા, ૭૦૧, શ્રીનાથ ટાવર, સાને ગુરુજી નગર, મુલુંડ (ઈ), મું. ૮૧. ભાવિક-૯૮૧૯૫૨૧૪૯૬, મીતા-૯૮૧૯૧૧૨૯૬૮, અંકિતા-૯૭૬૮૭૪૧૫૮૯, પુષ્પાબેન-૯૮૩૩૪૧૦૩૮૮.

4/1/1 --------- **(1-2)**

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

**તા. ૩ નવેમ્બર સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી જાદવજી લખમશી છેડા (પત્રી)નાં સ્મરણાર્થે શાહ જાદવજી લખમશી ચેરીટેબલ ટ્રસ્ટ (કર્ણાટક) તરફથી.

• ચિ. રાજકુમાર બિપિનચંદ્ર જૈનનાં જન્મદિન નિમિત્તે શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખર) તરફથી.

• સ્વ. શ્રીમતી મંજુલાબેન રતનશી સંગોઈની પુણ્યસ્મૃતિ નિમિત્તે હસ્તે પુત્રી-જમાઈ તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(7) --------- **(A-13883)(1-3)**

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

• આજે ફોટા પાડવા (સેલ્ફી) કે પડાવવા નહીં. (શરીર પરથી આસક્તિ ભાવ ઘટાડવા)

• મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

• વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

• JYF હેલ્પલાઈન નંબર 8591438983.

• જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(6) --------- **(A-13885)(1-4)**

**શ્રી નાગલપુર નગરે ધ્વજા રોહણ પ્રસંગે**

નયનરમ્ય નાગલપુર નગરની શોભામાં અભિવૃધ્ધિ કરતાં જિનાલયની ૧૨૩મી ધ્વજારોહણની આપ આતુરતાથી રાહ જોઈ રહ્યા છો. એ અણમોલ અવસરને ઉજવવા માણવા ચાલો સહુ નાગલપુરવાસીઓ અને નિયાણી બહેનો તા. ૧૯-૦૧-૨૦૨૬ના બપોરે ૩.૦૦ વાગે દાદરથી સયાજી નગરી દ્વારા પ્રયાણ તા. ૨૦-૧-૨૬ થી ૨૨-૧-૨૬ સુધી ત્રિહાનીકા મહોત્સવ તેમજ ધ્વજા રોહણ મંગલકારી તિથિ મહા સુદ-૫ (વસંત પંચમી) તા. ૨૨-૧-૨૬નાં રોજ છે. આ પ્રસંગે સંઘ રૂપે નાગલપુર જવાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૯-૦૧-૨૦૨૬નાં મુંબઈથી પ્રયાણ કરી નાગલપુર પહોંચ માટે સ્લીપરનાં રૂા. ૭૦૦ પ્રમાણે, III AC ના રૂા. ૧૫૫૦/-, II AC નાં રૂા. ૨૦૦૦/- પ્રમાણે રકમ ભરી નીચે જણાવેલ કાર્યકર્તાઓ પાસે આપનાં નામ તા. ૧૦-૧૧-૨૦૨૫ને સોમવાર સુધી લખાવી દેવા વિનંતી. કોકીલ ગંગર-9004366577, 9082192655, કાંતુ દેઢીયા (બોરીવલી) 9869461932, પરેશ વીરા (મુલુંડ) 9869041408, અનિલ સાવલા (ડોંબીવલી) 9820604063, મણીલાલ ગોગરી (ડોંબીવલી) 9819770081, કલ્યાણજી ગોગરી (ઘાટકોપર) 9969942104. લિ. શ્રી નાગલપુર જૈન મહાજન.

4/1/1(13) --------- **(A-13890)(1-5)**

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
સંચાલિત
શ્રી ભાતબજાર દેરાસર સમિતિ તથા
શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ

૧૦૮ ખમાસમણા - પૂનમ ભાતાની પ્રભાવના

કારતક સુદ-પુનમના ૧૦૮ ખમાસણાં
તા. ૦૪/૧૧/૨૦૨૫ ના
શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી,
૨જે માળે, શ્રી દેવચંદ હીરજી મોતા ઉપાશ્રય,
ચીંચબંદર મધ્યે સવારે ૧૦.૦૦ વાગે છે

કારતક સુદ-પુનમ, મંગળવાર, તા. ૦૪/૧૧/૨૦૨૫
૧૦૮ ખમાસણા - પૂનમ ભાતાની પ્રભાવના લાભાર્થી પરિવાર
શ્રીમતી રમીલાબેન મણીલાલ હરીયા
(ગામ - દેવપુર)

લાભાર્થી પરિવારોની અનુમોદના...
લિ. ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજન-ભાતબજાર દેરાસર સમિતી • શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ

## સંસ્થાકીય મિટીંગ

**શ્રી કુંદરોડી આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ**
**! સામાન્ય સભા !**

આપણાં શ્રી સંઘની એક 'સામાન્ય સભા' રવિવાર, તા. ૯-૧૧-૨૦૨૫નાં (બપોરનાં ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન) માતુશ્રી વેલબાઈ સભાગૃહ, માટુંગા (સે.રે.) મધ્યે રાખવામાં આવેલ છે. કામ અગત્યનું હોવાથી, પ્રમાદ કર્યા વિના અચુક હાજર રહેવા વિનંતી. (ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.) લિ. શ્રી કુંદરોડી આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ વતી મંત્રીઓ : ચુનીલાલ ખીમજી મામણીયા, રમણીકલાલ નાગજી વોરાનાં જય જીનેન્દ્ર.

4/1/1(12) --------- **(A-13891)(1-6)**

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(8) --------- **(B-13882)(1-7)**

SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER - GHATKOPAR

Clinical Nutritionist
Maitri Soni Chheda
(Godhra)
Clinical Nutritionist and Health Coach | MSc Foods, Nutrition and Dietetics | Diabetes Educator
Wednesday
Timing : 2 pm to 4 pm

Acupressure, Acupuncture
Jyoti Sundarji Shah
(Moti Undoth)
MCA certified Therapist
Wednesday
Timing : 10 am to 12 pm

For Appointment Call
8454888711

**Best of West એટલે સાંતાક્રુઝ (W)**

**Vaste માંથી Best એટલે, મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-W) સાચી તેમજ ટેસ્ટેડ જરીની સાડી, ચણીયા-ચોળી - કચ્છી-દેશી × ટીચ P.T. Point - સેડોવર્ક-જરદોશી વર્ક-પારસી ભરતની સાડી તથા ચણીયા-ચોળી ઓલ્ટ્રેશન માટે લઈ આવો ને નવી Style નવા અંદાજથી પેચ વર્ક કરી આપશું.**

- **ઓલ્ટ્રેશન માટે પ્લેન પોતમાં અનેક વેરાયટી**
- **સાચી જરીની સાડી, ચણીયા-ચોળી**
- **સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા.**
- **સાચી જરીના સેલા**
- **સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી**
- **સાચી જરીના ચંદરવા-પોઠીયા**
- **છુટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ-ઘુઘરી. આજે જ અમારી દુકાને વેંચવા લઈ આવો, તમારી નજર સામે વજન કરીને આજ નો ચાંદીના ભાવ પ્રમાણે રોકડા રૂપિયા.**
- **બીજે ક્યાંય જતા પહેલા એકવાર અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.**
- **જુની સાચી જરી વેંચવા માટે Free Home Visit નો લાભ લેવા માટે અમને એક ફોન કરો. અમે તમારી સેવામાં હાજર. મહાવીર સારીઝ- મોદી ચાલ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (W) Opp. "SEASON'S" શો-રૂમ - રવિવાર બંધ M.: 9137146272 - 9619554801.**

2/1/1(1) -------- (B-13460)(2-1)

**'ઓફર..ઓફર બમ્પર ઓફર'**

**Buy 1 Get 2 Diwali Special Offer**

Offer For 7 Days Lugdo Night Suit Cord Set, Nighty Bra, આ બધા પ્રોડક્ટ પર એક પીસની ખરીદી પર 2 pc Free. અન્ય બ્રાન્ડ પર ૨૦% છુટ. Address : 2nd Floor, Shop No. 32, 33, Moksh Plaza, Borivali (W), Mumbai-92. Mobile No. Prakash Shah-9892044317, 9372415527.

4/1/1(18) -------- (B-13906)(2-2)

**શ્રી મલાડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ**

તા.૦૪/૧૧/૨૫ મંગળવાર કારતક સુદ પુનમ તેમજ ચાતુર્માસ પુર્ણાહુતી નિમિત્તે સાંજના ૪.૪૫ કલાકે પખીયો પ્રતિક્રમણ તેમજ ૬ કલાકે ચોમાસી પ્રતિક્રમણનું સમૂહમાં આયોજન કરવામાં આવેલ છે. સંઘના સર્વે શ્રાવકો-શ્રાવિકાઓ યુવાનો બાળકો તેમજ આસપાસ પરામાં રહેતા સર્વ ધર્મપ્રેમી ભાઈ બહેનોને બહોળી સંખ્યામાં હાજર રહી આ સમૂહ આરાધનાનો લાભ લેવા વિનંતી. @ ગાલા બ્લોસમ, મામલતદાર વાડી નં-૧, મલાડ (વેસ્ટ). સંપર્ક : 8879122786 (હેમાલીબેન) લિ.ચેતન ઠાકરશી ગાલા (વડાલા).

4/1/1(16) -------- (A-13905)(2-3)

**દાદરમાં જગ્યા લેવા/વેચવા/ભાડેથી**

દરેક ધંધાને લાયક ઈન્ડસ્ટ્રીયલ ગાળા, કોર્પોરેટ ઓફિસ, દુકાન, પ્લોટ, ફ્લેટ, M.N.C. માટે ઓફિસ, ડોક્ટર, સી.એ., એડવોકેટ, આઈ.ટી. કન્સલટન્ટ અને આઈ.ટી. કંપનીઝ માટે સંપર્ક : કેતન ઉમરશી ગાલા - ભચાઉ - 9892077714, 7045505510, 9167759077.

4/1/1(2) -------- (B-13877)(2-4)

**શ્રી બોરીવલી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ (ઈસ્ટ-વેસ્ટ)**

**મંગળવાર તા. ૪/૧૧/૨૦૨૫, કાર્તિક પૂનમના દિવસે સામૂહિક પ્રતિકમણ થશે.**

- **પ્રથમ પાક્ષિક પ્રતિક્રમણ બપોરે ૪.૪૫ કલાકે થશે.**
- **દ્વિતીય ચૌમાસિક પ્રતિક્રમણ સાંજે ૫.૪૫ કલાકે બન્ને આરાધના ગૃહમાં થશે.**
- **ઠે. શ્રીમતી રતનબેન રતનશી કોરાણી (કપાયાવાલા) આરાધના ગ્રુહ, બી-૧૦૧, રોયલ ગાર્ડન, કસ્તુરબા રોડ નં. ૨, બોરીવલી (ઈસ્ટ).**
- **ઠે. બોધી જ્યોત આરાધના હોલ, ૧૦૨, દુર્ગા સ્મૃતિ, પહેલા માળે, રામ મંદિર રોડ, બાભઈ નાકા, બોરીવલી (વેસ્ટ).**
- **સર્વેને ધર્મલાભ લેવા અને ધર્મમાં વધારો કરવા નમ્ર વિનંતી. લિ. ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.**

4/1/1(2) -------- (A-13896)(2-5)

**શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ નિર્મળાબેન તલકશી સતરા (લાખાપર) અનુદાન**

ગામ લાખાપર હાલે ગુંદાલા ના સુશ્રાવક માતુશ્રી નિર્મળાબેન અને સુશ્રાવક શ્રી તલકશી ભાણજી સતરા તરફથી કારાઘોઘાની તેમની સુપુત્રી સુશ્રાવિકા શોભનાબેન ભાવેશ વિશનજી શેઠિઆ ના વર્ષી તપ નિમિત્તે રૂ.૧૧૦૦૦/- અને કારાઘોઘા ના સુશ્રાવક શ્રી નવીનભાઈ કાનજી છેડા ના ૧૬ ઉપવાસ ની અનુમોદના નિમિત્તે રૂ.૫૦૦૦/- (કુલ રૂ.૧૬૦૦૦/) કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ ના સાધાર્મિક વૈયાવચ્છ ફાળામાં અમૂલ્ય અનુદાન અર્પણ કરતાં દાતાર પરિવારની ખુબ ખુબ અનુમોદના, ધન્યવાદ સહ આભાર. ધન્ય છે દાતાર પરિવાર ને કે જેમણે અમૂલ્ય અનુદાન અર્પણ કરેલ છે. સમગ્ર દાતાર પરિવારનું જીવન સદાય સુખમય, તંદુરસ્ત, દીર્ઘાયુષ્ય અને ધર્મમય બની રહે એ જ શુભેચ્છાઓ. લી. શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ અને મહાજન વતી સંઘપતિઓ અને ટ્રસ્ટીગણ. (સૌજન્ય :- મે. એશિયન ઈલેક્ટ્રિકલ્સ-લોહાર ચાલ-મુંબઈ ૨)

4/1/1(11) -------- (A-13892)(2-6)

**નિઃશુલ્ક જાત્રા, લોનાવાલાનાં દેરાસરો**

૬૫ વર્ષની ઉપરનાં માટે એક દિવસીય લોનાવાલાના દેરાસરોની નિઃશુલ્ક જાત્રા. સં. કુમુદ હીતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા-7304472581. (ફક્ત વોટસએપ, નો ફોન કોલ્સ)

4/1/1(10) -------- (N-13893)(2-7)

**ચાલો સ્ટેચ્યુ યુનીટી, મણીલક્ષ્મી તીર્થ, પોઈચા**

**ઉ. ૨૨-૧૧, ૨૪-૧૨, ૨૫-૧૨, ૨૯-૧૨**

રમણ શેઠીયા સંચાલિત મણીલક્ષ્મી તીર્થ, પંચ તીથી સાથે સ્ટેચ્યુ યુનીટી જેમાં વ્યુ પોઈન્ટ ૪૫ માળા, વિવિંગ ગેલેરી, મ્યુઝીયમ, લેઝર શો, ક્રુઝ, જંગલ સફારી, મેઝ ગાર્ડન, વેલી ફ્લાવર દિ. ૩ ૨૪-૧૨ પાવાગઢ સાથે દરેક પ્રવાસમાં એ.સી. બસ, એ.સી. રૂમો, ઘર જેવું ટેસ્ટ જૈન ભોજન, સ્ટેચ્યુમાં ૪ સ્ટાર હોટલ, ફરવા માટે પ્રાઈવેટ વાહન, અન્ય પ્રવાસ. ઉવસગ્ગરંમ તીર્થ, નાગેશ્વર તીર્થ, ગીરનાર તીર્થ માટે સંપર્ક : રમણ શેઠીયા-9372971397, જય શેઠીયા-9326205589.

4/1/1(14) -------- (B-13903)(2-8)

# જીવદયા અનુદાન

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૩૧૫૦/- સંજીવની મેડીકલ સ્ટોર્સ યોગેશભાઈ કીરણભાઈ શાહ : પેણ-ઉના, ૩૪૬૦/- જાડેજા સ્ટોર્સ જાડેજા પતુભા પ્રેમ શંગન : કુર્લા-ગામ બરોયા, ૩૧૦૦/- મે. મોહનલાલ એન્ડ બ્રધર્સ હ. મોહનલાલભાઈ, દીપકભાઈ શાહ : પેણ, ૩૦૬૦/- અપ્પા ટાડેલ સ્નેક્સ હ. યોગેશભાઈ : પેણ-શીવગઢ, ૩૦૦૧/- શ્રી લક્ષ્મી એન્ટરપ્રાઈઝ : કુર્લા-વાઢીયા, ૨૭૨૭/- વી ૨ મોબાઈલ ડોંબીવલી : હાલાપુર, ૨૬૦૦/- બચ્ચા પાર્ટી હ. હીરેનભાઈ ભાનુશાલી : મુલુંડ-રવ, ૨૨૦૦/- હસમુખ એન. ગંગર, હેમલતા હસમુખ ગંગર : વસઈ-છસરા, ૧૨૨૫/- કીર્તી બુક ડેપો : વસઈ-નરેડી. લિ. સંજય રવજી ગાલા : પ્રતાપુર, પ્રકાશ વિશનજી મોરબીયા : રવ. જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(5) -------- (A-13887)(2-9)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન.

- ૨૫૫૦૧/- પી.ડી. જ્વેલર્સ હ. શ્રીમતી વનિતા નરેન્દ્ર ધરમચંદ જૈન : ખાર-મેવાડ.
- ૧૦૦૦૦/- જનતા બઝાર : વસઈ-ડોણ, ૬૦૦૦/- આર.જે. સુપર શોપી હ. રાઘવજી ઉમરશી વીરા : મલાડ-પત્રી, ૪૦૦૦/- રીધ્ધી ફેશન હ. રમેશભાઈ કાનજી મકવાણા : જોગેશ્વરી-દેશલપુર, ૨૩૦૦/- માતુશ્રી સ્વ. હરખવંતી લક્ષ્મીચંદ છેડા હ. કીરીટ લક્ષ્મીચંદ છેડા : મલાડ-લાયજા, ૨૦૦૦/- સહયોગ ફાઉન્ડેશન હ. ચંપક ભેદા : નાલાસોપારા-નાગલપુર, ૧૪૬૦/- ક્રિષ્ના ડ્રેસીસ હ. મીતેશભાઈ વિરાર-પોરબંદર, ૧૧૦૦/- મુલચંદ વિશનજી જૈન હ. ગૌતમભાઈ : પ્રાગપુર. લિ. વરિષ્ઠ કમીટી લીલાધરભાઈ દનાભાઈ ગડા : બાડા, જયંત પ્રેમજી ગોગરી : ભુજપુર. જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(3) -------- (A-13889)(2-10)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

- ૫૪૦૦૦/- નિલેશ ડુંગરશી સાવલાના ૫૦માં જ.દિ.નિ. તા. ૧૬-૮-૧૯૭૫ કાયમી તિથિમાં આપેલ અનુદાન : ગામ-વડાલા હાલે યવતમાલ હ. જયેશ ડુંગરશી સાવલા.
- ૫૦૦૦/- કુ. જયશ્રી દેવજી લધુ ગોગરીની તા. ૨૨-૧૦-૨૩ પુ.તિ.નિ. ગામ : ટોડા-મુંદ્રા હ. સચીન લક્ષ્મીચંદ ગોગરી, ૨૫૦૦/- રાજેશ રમણીકલાલ દેઢીયા, પિયુષ આર. દેઢીયા, મનીષ આર. દેઢીયા, નિલેશ આર. દેઢીયા, હીતેશ આર. દેઢીયા : બોરીવલી-પ્રાગપુર, ૨૫૦૦/- ગીરીશ નાગજી સાવલાનાં જ.દિ.નિ. હ. દિના ગીરીશ નાગજી સાવલા : મુલુંડ-લાખાપર, ૧૧૧૧/- મનીષ જેઠાલાલ મકડાના જ.દિ.નિ. પરેલ-બેરાજા. લિ. ઉપપ્રમુખ : શ્રી મણીલાલ વલ્લભજી ગાલા-પ્રાગપુર, ટ્રસ્ટીશ્રી અમૃત લખમશી છેડા-કુંદરોડી. જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(4) -------- (A-13888)(2-1)

**ઓમ શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર ના.સો.સં. ઉમરગામ પાંજરાપોળ**

શ્રી પાર્શ્વચંદ્રગુણ પુનમ ગુરૂવે નમઃ ૨૧૦૦/- લક્ષ્મીબેન માવજી વિસરીયા : દેશલપુર કંઠી-દહીં સર, ૨૧૦૦/- જયંતીલાલ ધનજી રાંભીયા : રામાણીયા-મલાડ, ૧૫૦૧/- નેશનલ ઝેરોક્ષ : બગડા-ના.સો., ૧૧૦૦/- લક્ષ્મીબેન પ્રવિણચંદ્ર છેડા : નવાવાસ-ડોંબીવલી, ૧૦૦૦/- હંસાબેન પ્રવિણ દેઢીયા : બિદડા-ડોંબીવલી, ૧૦૦૦/- હીરજી દેવરાજ શાહ : ડેપા-બોરીવલી, ૧૨૦૦/- સલોની તથા નીલ ભાવેશ છેડા : નવાવાસ-ડોંબીવલી, ૫૦૧/- દેવજી ગેલા સાવલાની પુણ્યતિથિ નિમિત્તે : ભારાપર-ના.સો., ૫૦૧/- ફેનીલ : પત્રી-બોરીવલી, ૫૦૦/- આરેન કીંજલ છેડા : નવાવાસ-ડોંબીવલી. જીવદયા પ્રેમીજનોનો આભાર. લિ. ટ્રસ્ટીગણ. જનક નિસર.

4/1/1(15) -------- (A-13897)(2-12)

**શ્રી કારાઘોઘા કરૂણા-જીવદયા પ્રેમી નિયાણી બહેન તરફથી અમુલ્ય અનુદાન**

કારાઘોઘા ના માતુશ્રી શાંતાબેન શામજી નાનજી છેડા ની સુપુત્રી તે ગામ બિદડા ના અ.સૌ. મંજુલાબેન શાંતીલાલ કલ્યાણજી સાવલા તરફથી પોતાના સફળ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરવાની ખુશાલીમાં રૂ.૫૫૦૦/- સ્થાનિકે અબોલ જીવોને નીરણ, પક્ષીઓને ચણ અને કૂતરાઓને રોટલા ભાથું અર્પણ કરતા નિયાણી બહેનની ખુબ ખુબ અનુમોદના, ધન્યવાદ સહ આભાર. ધન્ય છે આ ભાગ્યશાળી જીવદયા પ્રેમી નિયાણી બહેન કે જેણે પ્રસંશનીય લાગણી દર્શાવી પોતાના માવતર ગામને યાદ કરી અબોલ જીવ પ્રત્યે અનરાધાર કરુણામયી લાગણી રાખી કારાઘોઘા ગામમાં જીવદયા કેન્દ્રમાં નીરણ નાખવા હાથ લંબાવ્યો છે. મુંગા અબોલ પશુઓની આંતરડી ઠારી ને આપે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે. મૂક જીવોના આશીર્વાદથી સમગ્ર દાતાર પરિવારનું જીવન સદાય સુખમય, તંદુરસ્ત, દીર્ઘાયુષ્ય અને ધર્મમય બની રહે એજ શુભેચ્છાઓ. લી. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ વતીઃ- શ્રી અનિલ હેમરાજ શેઠીયા અને શ્રી ભાવિન ઉત્તમચંદ નાગડા. (સૌજન્યઃ- શ્રી કાંતિલાલ (ગિજુભાઈ) પ્રેમજી મારુ - મે ક્લાસિક સ્ટીલ્સ - ભુલેશ્વર-મુંબઈ-૨)

4/1/1(19) -------- (A-13916)(2-13)

**ઓમ શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર ના.સો.સં. ઉમરગામ પાંજરાપોળ**

**શ્રી પાર્શ્વચંદ્ર ગુણ પુનમ ગુરૂવે નમઃ**

- **૧૫૦૦૦/- માતુશ્રી પ્રભાબેન વીરચંદ વેલજી નંદુ : નાનાભાડીયા-મુલુંડ**
- **૧૧૦૦૦/- માતુશ્રી પ્રફુલાબેન રમણીકલાલ ગાલા : નાનાભાડીયા-અંધેરી**
- **૫૦૦૧/- મોહનલાલ NX નાના ભાડીયા-હીંદમાતા**
- **૫૦૦૧/- સરલાબેન ધનજી મેઘજી શાહ : કુંદરોડી-ડોંબીવલી.**
- **૫૦૦૦/-જયાબેનપ્રફુલવોરા:નવીનાળ.**

**દાતાશ્રીઓનો આભાર. લિ. ટ્રસ્ટીગણ. રમેશભાઈ ગડા-૯૩૨૦૦૫૫૧૨૨.**

4/1/1(3) -------- (A-13898)(2-14)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# INFiNiTy GlobAL HolidAyS

*One aim, excellence...*

Worldwide International, Customised & Group Packages, Hotel Booking, Air Tickets, Overseas Insurance, Forex, Visa.

## ENCHANTING EUROPE





14 Nights & 15 Days

- 02 Amsterdam
- 03 Paris
- 04 Switzerland
- 01 Austria
- 04 Italy

Fixed Departure
6th May 2026
22nd May 2026

## AMAZING AUSTRALIA





11 Nights & 12 Days


- 03 Melbourne
- 03 Sydney
- 03 Gold Coast
- 02 Cairns


Fixed Departure
27th May 2026
12th June 2026


ઉપરોક્ત પ્રવાસોની વિશેષતાઓ :
- પ્યોર વેજીટેરીયન સાથે જૈન ભોજનની વ્યવસ્થા.
- પ્રખ્યાત એરલાઈન્સમાં મુસાફરી.
- 3*/4* હોટલમાં રહેઠાણ, કોઈજ છૂપા ચાર્જ નહી.
- Arpit Dedhia ના સથવારે

(CLC-13886)

## Lonavala 5Bhk Viransh Villa








વિરાંશ વિલા... લોનાવલાના ગોલ્ડ વેલી તુંગારાલીમાં, સુંદર, રમણીય વાતાવરણમાં અમારા દ્વારા બુકીંગ કરાવો.

પ્યોર-વેજ 5bhk પ્રાઈવેટ પૂલ વિલા, તમારા આગામી લોનાવાલા ગેટવે માટે એક પરફેક્ટ ડેસ્ટિનેશન, ૫ સમકાલીન રીતે તૈયાર થયેલા બેડરૂમ, એક ખાનગી સ્વિમિંગ પૂલ અને અદ્‌ભુત દ્રશ્યો સાથેની બાલ્કનીઓ.

Brand New Villa, Pure Veg / Jain Food Available.
One Day, Get together, D.J. Party, Weekend Special.

Booking Started... Contact: 9820011066

Tour package includes Airfare, Visa, Hotels, Meals, Sightseeing, Transportation & Insurance for more details contact us :-
ARPIT DEDHIA - 9820918080/ +91 22-35137626, SURENDRA DEDHIA - 9820011066 (Sadau-Kutch)
info@infinityturio.com. www.infinityturio.com
Shop No.#9, Zest Business Spaces, M.G.Road, Nr. Doshi Nursing Home, Ghatkopar(E) Mumbai-77.

SONI GRAPHICS 9653103959


### માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ

● બારોઇ સ્થાનિકે ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મઠાંબાઇ ઉમરશી દેવશી મોતા જૈન ભોજનાલયના નિભાવ ફંડમાં અનશનવ્રતધારી શ્રી કાંતિલાલભાઇ મોરારજી મોતા ની તા. ૩-૧૧-૨૦૨૫ ની પુણ્યતિથિ નિમિત્તે હ. નિર્મળાબેન કાંતિલાલ મોતા તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું અનુદાન તેઓશ્રીના પરિવાર તરફથી મળેલ છે.આપના પરિવારની અનુમોદના વારંવાર.

● સત્કાર્યમાં દરિયાદિલીથી જો દાન વરસે, તો માનવતાની મીઠી મહેક ચોમેર પ્રસરશે. મુંબઇ અને બહારગામ રહેનાર દાતાઓ તરફથી ડોનેશન NEFT રૂપે સ્વીકાર્ય છે.

● દાન માટે સંપર્ક : કેકીન પ્રવીણચંદ્ર કેનીયા - ૯૮૨૦૪ ૫૭૧૯૭. લિ. ટ્રસ્ટીગણ.

4/1/1(4) -------- (A-13914)(3-1)


### "સોની કાનજી આણંદજી જ્વેલર્સ"

! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઇમાં !

કલાત્મક ડિઝાઇનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઇ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(9) -------- (N-13894)(3-2)



# Health Clinic

THE KNEE PAIN GURU

*Beyond Pain Control to Healing*

## હાડકા, સાંધા સ્નાયુઓ અને નસોના દુખાવા માટે



રાહત મેળવો :
- માથાનો દુખાવો (કોઈપણ પ્રકારનો)
- શરીરમાં હાડકાંનો દુખાવો (કોઈપણ ભાગ)
- લોહીનું ઓછું પરિભ્રમણ (શરીરમાં ગમે ત્યાં)
- સાંધામાં દુખાવો (બધા પ્રકારનો)
- જડતા (સ્ટીફનેસ) (શરીરના કોઈપણ ભાગમાં)

કોઈ પણ રાહત વિના લાંબા સમયથી સારવાર કે દવા લેવાથી કંટાળી ગયા છો?
એપોઈન્ટમેન્ટ માટે અમને કોલ કરો!

અમારા નિષ્ણાતો લાંબા સમયથી ચાલતી સમસ્યાઓની સારવાર કરવામાં અને અમારી નવીનતમ જાપાની સારવાર દ્વારા અસરકારક ઉકેલો પૂરા પાડવામાં નિષ્ણાત છે.
આવો અમે તમને રાહત શોધવા અને પીડામુક્ત જીવન જીવવામાં મદદ કરીએ.

## TCM માસ્ટર રશ્મિન કેનિઆ (બારોઇ)

એડવાન્સ ચાઈનીઝ નેચરલ થેરેપીસ્ટ



ફક્ત એપોઈન્ટમેન્ટ દ્વારા
સોમવારથી શુક્રવાર સાંજના ૪.૦૦ થી ૬.૦૦ સુધી
Mobile : 99304 73757

(CLC-13921)

સ્પેન્ટા મેડિકેર
ગ્રાઉન્ડ ફ્લોર, વિલ્સન બિલ્ડીંગ, ગોકુલદાસ પાસ્તા રોડ, ચિત્રા સિનેમાની બાજુમાં, દાદર (પૂર્વ), મુંબઈ- ૧૪.

BINITA S. MARU - 9869034162


### શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ નિયાણી બહેન - અનુદાન

કારાઘોઘા ના માતુશ્રી શાંતાબેન શામજી નાનજી છેડા ની સુપુત્રી તે ગામ બિદડા ના અ.સૌ. મંજુલાબેન શાંતિલાલ કલ્યાણજી સાવલા પોતાના સફળ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરવાની ખુશાલીમાં શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ના સાધાર્મિક વૈયાવચ્છ ફાળામાં રૂ. ૫૫૦૦/- નું અમૂલ્ય અનુદાન અર્પણ કરતાં સદગૃહસ્થ દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના, ધન્યવાદ સહ આભાર. ધન્ય છે એ નિયાણી બહેનને કે જેમણે માવતર ગામને યાદ કરી અમૂલ્ય અનુદાન અર્પણ કરેલ છે. સમગ્ર દાતાર પરિવારનું જીવન સદાય સુખમય, તંદુરસ્ત, દીર્ઘાયુષ્ય અને ધર્મમય બની રહે એ જ શુભેચ્છા. લી. શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ અને મહાજન વતી સંઘપતિઓ અને સર્વ ટ્રસ્ટીગણ. (સૌજન્ય : મે. એશિયન ઇલેક્ટ્રિકલ્સ-લોહાર ચાલ-મુંબઈ-૨)

4/1/1(17) -------- (A-13913)(3-3)


### દેશ વિદેશ કુરિયર 24x7

વ્યાપારીઓ અને પ્રોફેશનલો માટે મુંબઇ તેમજ India ના કોઇ પણ ખૂણામાં કુરિયર, Document, પાર્સલ મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઇ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો 8879991866. All India Free Pick Up Service.

2/1/1(1) -------- (B-13778)(3-4)


|| શ્રી શીતલનાથાય નમઃ ||

અચલગચ્છ શણગાર શ્રી આર્ય-જય-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરુતુંગ-જયશેખર-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નિતિ-ગુણ-દાન-નેમ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરુભ્યો નમઃ

# શ્રી પંતનગર અચલગચ્છ કચ્છી જૈન સંઘ


બિલ્ડીંગ નં. ૧૩૮, સજાય-શ્રી સૂર્યોદય, એક્સેલ પ્લાઝાની સામે, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૫.

:: દિવ્ય કૃપા ::



રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

:: અસીમ કૃપા ::



તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

:: આજ્ઞા આશિષ ::



રાજસ્થાન દિપક, યુવાચાર્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

મુખ્ય લાભાર્થી : ગીતા સ્મૃતિ એવં લતા રાજેશ સ્મૃતિ (દેરાણી-જેઠાણી ઉપાશ્રય)
માતુશ્રી હીરાકુંવરબેન નાનજી ચાંપશી શાહ પરિવાર (ખ્યાતિનામ્ ફાઉન્ડેશન)
હસ્તેઃ ખુશ-વિહાન (મેરાઉ-ગાંધીધામ-વડોદરા-બાંદ્રા)

## શ્રી સંઘના નુતન ઉપાશ્રયમાં પૂજ્ય સાહેબજીના
## પ્રથમ ચાતુર્માસ પુર્ણાહુતી એવં ઠાણા ઓ ઠાણં પ્રસંગ

:: શુભ દિવસ ::
કારતક વદ ૧ (એકમ), બુધવાર, તાઃ ૦૫-૧૧-૨૦૨૫

### :: પ્રસંગની રૂપરેખા ::

- સવારના ૫.૪૫ કલાકે : સકળ શ્રી સંઘ સાથે શ્રી જીરાવલ્લા ઉપાશ્રયે બિરાજમાન વર્ધમાન તપોનિધી પ.પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૩ ને વંદન કરી તેમની સંગાથે શ્રી પંતનગર તરફ પ્રયાણ.
- આપણા શ્રી સંઘના નુતન ઉપાશ્રયે બિરાજમાન કુશલ યોગક્ષેમકર્તા પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૬ ને વંદન કરી લાભાર્થી પરિવારના ઘર તરફ શુભ મુહુર્તે પ્રયાણ.
- શુભ મંગલ સમયે લાભાર્થીના સોસાયટીમાં નવ નવ મહાત્મા સાથે પ્રસંગે મંગળ પ્રવેશ.
- લાભાર્થીના સોસાયટીના ભોંયતળીયે સાહેબજીનું માંગલિક તથા હિત શિક્ષા.
- ત્યારબાદ સાહેબજીનું લાભાર્થીના ઘરે બીજા માળે મંગળ પ્રવેશ.



કુશલયોગક્ષેમકર્તા પ.પૂ.સા.
શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.

:: નવકારશી સ્થળ ::
શ્રી પંતનગર અચલગચ્છ કચ્છી જૈન સંઘ, નુતન ઉપાશ્રય, બીલ્ડીંગ નં. ૧૩૮,
પધારેલ સર્વે પરિવારજનોએ નવકારશી-સાધર્મિકભક્તિ માટે લાભ આપશોજી.



વર્ધમાન તપોનિધિ પ.પૂ.સા.
શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.

શુક્રવાર, તા. ૦૭-૧૧-૨૦૨૫
સવારે પૂજ્ય સાહેબજી
પંતનગર ઉપાશ્રયથી
વિહાર માટે પ્રસ્થાન કરશે.




બુધવાર, તા. ૧૨-૧૧-૨૦૨૫
સવારે પૂજ્ય સાહેબજી
શ્રી કાંદિવલી સંઘના દેરાસરમાં
નિશ્રા પ્રદાન કરશે.

(*1246)



સકળ શ્રી સંઘના
શ્રાવક-શ્રાવિકાઓ,
પરિવારજનો,
ગુરૂભક્તો તથા
આમંત્રિત મહેમાનોને
પ્રસંગે પધારવા પ્રેમભર્યું નિમંત્રણ.



:: ઠાણાં ઓ ઠાણં, તપસ્વી પારણા તથા નવકારશીના લાભાર્થી ::

માતુશ્રી ચંચળબેન રામજી ઘેલાભાઈ પાસડ પરિવાર (દેઢીઆ)
હસ્તેઃ પ્રેમીલા-પ્રફુલ, ખુશ્બુ-પ્રફુલ, ભક્તિ-કેવલ, ચિ. ધીઓમ-દેશના

લિ. મંત્રીઓ : દિનેશ લખમશી ગડા (ભોજાય), રાજેશ વલ્લભજી ગડા (ડુમરા), જીતેન ચંદ્રકાંત ગોસર (ડુમરા)

UPASANA-9820167767





SA RE GA MA®
EXCLUSIVE ETHNIC WEAR

લિનન / કોટન / આર્ટ સિલ્ક કુર્તા દરેક સાઇઝ માટે ઉપલબ્ધ

રેસેપ્શન અને ઑફિસ વેર બ્લેઝર સુટ— કસ્ટમાઈઝ્ડ ડિઝાઇન અને સ્ટાઇલિંગ સાથે

શેરવાની/ ઇન્ડો-વેસ્ટર્ન / નવાબી સુટ— વરરાજા. અને સાઈડર્સ માટે કસ્ટમાઈઝ્ડ એક્સેસરીઝ સાથે

ત્રણ પેઢી માટે કોમ્બો ડ્રેસિંગ — વ્યક્તિગત ડિઝાઇન અને ફિટીંગ સાથે


પેહેલી. / ઇવેન્ટ્સ માટે બલ્ક ઓર્ડર્સ — કસ્ટમાઈઝ્ડ ફિટિંગ સાથે ઉપલબ્ધ

તાત્કાલિક ઓર્ડર્સ સ્વીકાર્ય — કસ્ટમાઈઝેશન સાથે

K. D. Corporation
F-112/113/115/116, 1st Floor, Dadar Manish Market, Senapati Bapat Marg, Opposite Railway Station, Dadar (West),
Shane: 022-79626054/7303084949

Dinesh Gangji Vora 96190 82456
Kushal Dinesh Vora 98212 82456
(Nangalpur)

(CLC-13915)



NEPAL | SINGAPORE | MALAYSIA | THAILAND
VIETNAM | MALDIVES | DUBAI

- HONEYMOON TOUR
- SOLO TOUR
- FAMILY TOUR
- GROUP TOUR
- EDUCATION TRIP
- HOTEL BOOKING

Ravine Trek
Adventure & Leisure Tour Company
C : +91 9967009904 | 9322647575
E : sales@ravinetrek.com | W: www.ravinetrek.com

(CLC-13895)

## મરણ ખબર છાપવા અંગે જરૂરી સૂચના

(૧) મરણ ખબરની જાહેરાતમાં શરૂઆતમાં ગામનું નામ લખ્યા પછી અવસાન પામેલ વ્યક્તિનું પુરેપુરૂં (પિતા કે પતિના નામ સાથે) નામ લખવું જરૂરી છે.

(૨) **મરણ ખબરની જાહેરાતમાં અક્ષરોની ૫૦૦ (સરનામા સહિત) મર્યાદામાં જ સ્વીકારવામાં આવશે, વધારે નહીં.**

(૩) દરેક સંબંધોની આગળ ના શબ્દ હોવો જરૂરી છે. દા.ત. રાજેશ ના સાસુજી.

(૪) ચક્ષુદાન, દેહદાન, ત્વચાદાન તથા ઈ-મેઈલ આઈડીના અક્ષરો ગણતરીમાં લેવામાં આવતા નથી.

(૫) સદ્ગતનાં આઈકાર્ડ સાઈઝના બે ફોટોગ્રાફ લઈ આવવા.

(૬) મરણની ડેથ સર્ટીફીકેટની ઝેરોક્ષ લાવવી.

(૭) મરણ ખબર સ્વીકારવાનો સમય સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ સુધીનો છે તો આ સમયમાં આવી જવું.

(૮) મરણ ખબરની વિગત લેટરહેડ ઉપર અથવા રબ્બર સ્ટેમ્પ મારેલા ફુલસ્કેપ પાના ઉપર ડુપ્લીકેટમાં લાવવી જરૂરી છે.

(૯) મરણ ખબરની જાહેરાતમાં લખવામાં છેકછાક ન હોવી જોઈએ. બરોબર સમજાય તેવી રીતે સારા અક્ષરોમાં લખવું જરૂરી છે.

(૧૦) પ્રાર્થના સ્થળનું સરનામું પુરેપુરૂ લખવું. ટુંકાણમાં શબ્દોનો પ્રયોગ ન કરવો.

(૧૧) નિવાસ સ્થાનની આગળ વ્યક્તિનું નામ અને એડ્રેસમાં પીન કોડ નંબર લખવા જરૂરી છે.

(૧૨) સમાચાર પત્રમાં (છાપામાં) મરણ ખબર નોંધ પત્રિકા ઓફિસથી મોકલવામાં આવે છે જેમાં મૃતકનાં પહેલા પાંચ સંબંધ લેવામાં આવે છે.

**મરણ ખબર ઈમેલ kvoskp@gmail.com કરી**
**8104209392 ફોન કરવો**

**મરણ ખબર બપોરે ૨ વાગ્યા સુધી સ્વિકારવામાં આવશે.**

**મરણ ખબરમાં અવસાનનું કારણ લખવું ફરજિયાત છે**

લિ. માનદ્ મંત્રીઓ – રાજેન કાંતીલાલ ધરોડ • C.A. પુષ્પાબેન અશોક શાહ

# PANAYAA
VEG MULTICUSINE KITCHEN

Brand New Interior & Prime Location

Good News for Borivali Kandivali / Malad & Suburbs.

## Pure Veg & 100% Jain Restaurant & Banquet Hall

**Cuisine:** Italian/ Mexican/ Lebanese/ Mongolian/ Korean/ Japanese/ North Indian/ Chinese/ Gujarati

**Restaurant Timings:** 12 noon – 3:30 pm, 6:30 pm – 12 midnight



### A Perfect Venue for...
- Birthday Party
- Anniversary Party
- Engagements Ceremony
- Cocktail Party
- Reunion - Get Together
- Corporate Events

### Facilities offered in Banquet Hall
- Capacity of upto 50 to 150 people.
- Best Decoration.
- Best Food • Live Counter
- Pure Veg & 100 % Jain Food.
- Fully Air-Conditioned.
- Complete range of tables, chairs & VIP sofa facillities.
- Buffet counter facilities.
- Elevator facilities.
- Valet Parking service on need.

Special Discount for Kitty Party
Group of 25 person minimum

**Booking Open for Upcoming Season:** Approx. Budget: 750/- to 1500/- per pax
(including Food / DJ / Decoration / Live food counters / Live Singer / Stage for Live Performance)

(CLC-13904)

5th Floor, Hirji Heritage, Sundar Nagar, Gulmohar Rd, Above TBZ Jewellers, Borivali West, Mumbai.

+91 99306 21990
+91 98922 20295

SONI GRAPHICS 9653103959

તમારા જીવનમાં આવતા શુભ પ્રસંગોની શોભામાં થશે આભિવૃદ્ધી જો તેમાં જોડાશે પનાયા નો સંગાથ...

# શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ

સંચાલિત

# શાહ કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ

ગામ બિદડા, તા. માંડવી, કચ્છ, ગુજરાત, પીન-૩૭૦૪૩૫ ટે. 02834 - 244 444/5, 95860 62444, 96879 82444 • www.bidada.org

**જયા રીહેબ સેંટર** 72029 60000 www.jayarehab.org

**રતનવીર નેચર ક્યોર** 81538 44445 www.ratanveer.com

**તારામતી વેલનેસ & યોગા સેન્ટર** 95742 44443 www.tarawellness.co.in

**વી-ટ્રાન્સ રિજુવીનેશન અને હીલિંગ સેન્ટર** 95742 44443

**શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ**
ની આરોગ્ય સેવા માટે
જગદીશભાઈના
**૮૦માં જન્મદિવસના**
પાવન પ્રસંગે જરૂરિયાતમંદ
દર્દીઓના હિતાર્થે રૂપિયા
**25,00,000/-**
નું અનુદાન



## માતુશ્રી વિમળાબેન લાલજી શીવજી શાહ (કોડાય-દાદર)

### પુત્ર-પુત્રવધુ: શ્રીમતી અંજુ જગદીશ શાહ

**પૌત્ર-પૌત્રવધુ:** અપર્ણા મનીષ જગદીશ શાહ
**પ્રપૌત્ર-પૌત્રી:** યશ-રિયા મનીષ શાહ
**પુત્રી-જમાઈ :** નમ્રતા નીરવ શાહ
**દોહિત્ર:** નીવ નીરવ શાહ

**(લિબર્ટી પ્રિઝમ / લાઈટસ)**

જરૂરિયાતમંદ દર્દીઓના હિતાર્થે **માતુશ્રી વિમલાબેન લાલજી શાહ પરિવાર** દ્વારા રૂા. ૨૫ લાખનું માતબર અનુદાન આપવામાં આવ્યું છે. શાહ પરિવાર હંમેશા દાનધર્મમાં અગ્રેસર રહ્યો છે. **જગદીશભાઈના ૮૦માં જન્મદિવસ ના પાવન પ્રસંગે, ટ્રસ્ટની લોકહિતકારી પ્રવૃત્તિઓથી પ્રેરાઈને પરિવારે હર્ષપૂર્વક ઉદારભાવથી અનુદાન આપ્યું છે.**

**શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ** ના વિવિધ આરોગ્ય અને સેવાકીય ક્ષેત્રોમાં વર્ષોથી તન, મન અને ધનથી સહયોગ આપનાર દાનવીર માતુશ્રી વિમલાબેન લાલજી શાહ પરિવારનું આ માતબર અનુદાન આપવા બદલ ટ્રસ્ટ હૃદયપૂર્વક અભાર વ્યક્ત કરે છે.

શાહ પરિવાર વર્ષોથી ટ્રસ્ટ દ્વારા આયોજિત વિવિધ કેમ્પો અને સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉદાર દાન અને નિષ્ઠાભરી સેવા આપતો રહ્યો છે. તેમના સુપુત્ર **શ્રી જગદીશભાઈ લાલજી શાહ** તથા પૌત્ર **શ્રી મનિષભાઈ જગદીશભાઈ શાહ** પણ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાઈને પેઢી દર પેઢી આરોગ્ય સેવામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

આ અનન્ય સેવા અને ઉદાર યોગદાન બદલ ટ્રસ્ટ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને તેમના આ સેવાભાવને શ્રદ્ધાસહ ઉજાગર કરે છે.

**શાહ પરિવાર આવનારા સમયમાં પણ આ સેવા યજ્ઞમાં અવિરત જોડાયેલા રહે અને ઈશ્વર એમને સ્વસ્થતા, સુખ અને સમૃદ્ધિ અર્પે.**

(CLB-13857)

## લિ. શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ-ટ્રસ્ટીઓ

DEV GRAPHICS - 9323 84 2828

**કચ્છ : કોટડી મહાદેવપુરી** | **અનંતની વાટે પ્રયાણ** | **મુંબઈ : મુલુંડ (ઈસ્ટ)**

# શ્રી મણીલાલ વેલજી (ખીમજી) ગાલા



